**<u>કલે.પરચુ. અરજી નં. ૬૭/૨૬ ના કામે અરજદારની પેમેન્ટ અરજી આંક–૧ હેઠળ હુકમ :–</u>**

(૧) અરજદારને સાંભળ્યા, અરજી વંચાણે લીધી, અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરવામાં આવેલી છે. હાલની અરજી અરજદારના અકસ્માતના બનાવના આધારે કલેઈમ કેસ નં. ૫૩/૦૩ નો દાખલ કરેલ જે અકસ્માત વળતરના કલેઈમ કેસમાં નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢનાઓએ તા. ૧૪–૦૬–૧૨ ના રોજ હુકમ, એવોર્ડ કરેલ છે તે મુજબ વળતરની રકમ સામાવાળા વિમા કંપનીએ જમા કરાવેલ હોય તે રકમ અરજદારને ચુકવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) નામદાર ટ્રીબ્યુનલ (ઓકઝી.), જૂનાગઢના હુકમ મુજબ વળતરની રકમ રૂા. ૧,૧૩,૩૪૯/– એફ.ડી.રીલીઝ થતા જમા થયેલ છે જે સામાવાળાએ હુકમ અન્વયે રકમ જમા કરાવેલ હોવાનું નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનો આંક–૧ લગતનો શેરો વંચાણે લેતા જણાય છે. આમ અરજીની હકીકતો તથા અકસ્માત વળતર કલેઈમ કેસ નં.૫૩/૦૩ ના કામે થયેલ હુકમ અને તે હુકમ અન્વયે જમા રકમ તથા સામાવાળાએ અપીલ કરેલ ન હોવા અંગેની અરજીની રજુઆત ધ્યાને લઈ તમામ હકીકતે અરજી અન્વયે નીચે મુજબ જમા રકમ ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

<table>
<tr><td>–––</td><td>કોર્ટ ફી.</td></tr>
<tr><td>રૂા. ૧,૧૩,૩૪૯/–</td><td>અરજદાર પરેશકુમાર ચંદુભાઈ કનેરીયા ને રૂા. ૧,૧૩,૩૪૯/– ઓળખ અંગેની ખરાઈ કરી આ.ટી.જી.એસ.થી ચુકવવી.
<table>
<tr><td>એકાઉન્ટ નં.</td><td>57390100022086</td></tr>
<tr><td>બેન્ક નામ</td><td>બેંક ઓફ બરોડા.</td></tr>
<tr><td>આઈ.એફ.એસ.સી.કોડ</td><td>BARB0JHANJH</td></tr>
</table></td></tr>
</table>

| | |
|---|---|
| રૂા.૧,૧૩,૩૪૯/– | અંકે રૂપિયા એક લાખ તેર હજાર ત્રણસો ઓગણપચાસ પુરા. |

આ હુકમ અન્વયે હુકમના પાલન અંગે નાઝીરશ્રી, ડીસ્ટ્રીકટ કોર્ટ, જુનાગઢનાઓને જરુરી યાદી કરવી.

આ હુકમ આજ તા. ૧૭ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જૂનાગઢ.

તારીખ ૧૭–૦૪–૨૦૨૬

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
એમ.એ.સી.ટી. (ઓકઝી.)
જૂનાગઢ.
(જી.જે.૦૧૦૦૫)